તહેવારોને લઈ અસામાજિક તત્વો પર પોલીસની બાજ નજર

દિવાળીને અનુલક્ષી અકોટા-દાંડિયા બજાર બ્રિજ પાસે વાહન ચેકિંગ

લાયસન્સ અને આરસી બુક સહિતના દસ્તાવેજોની ચકાસણી



(પ્રતિનિધિ) વડોદરા તા.5

દિવાળીના તહેવારો નજીક આવતાં જ શહેરમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા વડોદરા પોલીસ સક્રિય બની છે. તહેવારોની ભીડનો લાભ ઉઠાવી કોઈ અસામાજિક તત્વ ગુનાહિત પ્રવૃત્તિને અંજામ ન આપે તે માટે રાવપુરા પોલીસ સ્ટેશન દ્વારા અકોટા-દાંડિયા બજાર બ્રિજ પાસે સઘન વાહન ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

વ્યસ્ત માર્ગ પર પોલીસ દ્વારા નાકાબંધી ગોઠવીને અવરજવર કરતાં દ્વિચક્રી અને ચારચક્રી વાહનોને રોકી તપાસ કરવામાં આવી હતી. વાહનચાલકોના ડ્રાઈવિંગ લાયસન્સ, આર.સી. બુક સહિતના જરૂરી દસ્તાવેજોની ચકાસણી કરવાની સાથે વાહનોની ડિક્કીઓ પણ ખોલાવી ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ દરમિયાન એક વાહનચાલકની હિલચાલ શંકાસ્પદ જણાતાં અને પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં તેને ડિટેઈન કરી વધુ પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. દિવાળીના તહેવારો દરમિયાન ચોરી, લૂંટ સહિતની ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પોલીસ દ્વારા આ પ્રકારની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ વધુ સઘન બનાવવામાં આવશે.

અદાણી ટોટલ ગેસનો વધુ એક તોતિંગ ભાવવધારો, ૧૦૦ની નજીક

માત્ર ૧૩ દિવસમાં જ બીજો ભાવવધારો ઝીંકાતા વાહનચાલકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

શહેરમાં દિવાળીના તહેવારો ટાણે જ મોંઘવારીનો વધુ એક મોટો ધડાકો થયો છે. અદાણી ટોટલ ગેસ લિમિટેડ દ્વારા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસના ભાવમાં પ્રતિ કિલોગ્રામ ૨.૪૦નો તોતિંગ વધારો ઝીંકવામાં આવ્યો છે. આ નવા વધારા સાથે વડોદરામાં અદાણી સીએનજીનો ભાવ વધીને હવે ૯૮.૯૫ પ્રતિ કિલો પર પહોંચી ગયો છે. મહત્ત્વની વાત એ છે કે માત્ર ૧૩ દિવસના ટૂંકા ગાળામાં અદાણી જૂથ દ્વારા સીએનજીના ભાવમાં આ બીજો મોટો વધારો કરવામાં આવ્યો છે, જેના કારણે સામાન્ય જનતા અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે.

દિવાળીના પર્વ નિમિત્તે નાગરિકો ઉત્સવની તૈયારીઓમાં વ્યસ્ત છે, ત્યારે ગેસના ભાવમાં થયેલા આ વધારાએ પરિવારના બજેટ પર સીધી અસર પહોંચાડી છે. રિક્ષાચાલકો, કેબ ડ્રાઈવર્સ અને રોજબરોજ સીએનજી વાહનોનો ઉપયોગ કરતા નોકરીજીયાત વર્ગ માટે આ વધારો આર્થિક બોજ સમાન સાબિત થઈ રહ્યો છે. સીએનજી મોંઘો થતાં લોજિસ્ટિક્સ અને માલવાહક વાહનોનું ભાડું પણ વધશે, જેની સીધી અસર શાકભાજી, અનાજ અને અન્ય રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પર પડી શકે છે.

અદાણી ગેસ દ્વારા વારંવાર કરવામાં આવતા ભાવવધારા સામે નાગરિકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. ગ્રાહકોનું કહેવું છે કે તહેવારોની મોસમમાં જ ભાવ વધારીને તંત્ર દ્વારા પ્રજાના ખિસ્સા પર કાપ મૂકવામાં આવી રહ્યો છે. હવે સીએનજીનો ભાવ પ્રતિ કિલો ૧૦૦ની સપાટીએ પહોંચવાને આરે છે, જે સામાન્ય જનતા માટે ભારે આર્થિક ચિંતાનો વિષય બન્યો છે.

કોલોની અને લેવલ ક્રોસિંગની તપાસ કરી

મંડળ રેલવે મેનેજરે અલીરાજપુરથી ડભોઈ સુધીના રેલવે સ્ટેશનોનું નિરીક્ષણ કર્યું

હેરિટેજ પાર્ક અને યાત્રી સુવિધાના કામોની સમીક્ષા કરી અધિકારીઓને સૂચના આપી



(પ્રતિનિધિ) વડોદરા, તા.5

છોટા ઉદેપુર, બોડેલી સહિતનાં સ્ટેશનો પર યાત્રી સુવિધાઓ અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી

વડોદરા મંડળના મંડળ રેલવે મેનેજર રાજૂ ભડકેએ અલીરાજપુર-પ્રતાપનગર સેક્શનના નિરીક્ષણ દરમિયાન અલીરાજપુર રેલવે સ્ટેશન, રેલવે કોલોની અને યાત્રી સુવિધાઓની સમીક્ષા કરી હતી. આ નિરીક્ષણ દરમિયાન મંડળના વિવિધ વિભાગોના બ્રાન્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નિરીક્ષણના ભાગરૂપે તેમણે છોટા ઉદેપુર રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી. અહીં સ્ટેશન સુપરિન્ટેન્ડેન્ટ રૂમ ઉપરાંત રિલે રૂમ અને ઇન્ટિગ્રેટેડ પાવર સપ્લાય રૂમનું નિરીક્ષણ કરી કામગીરીની વિગતો મેળવી હતી. સ્ટેશન પર ઉપલબ્ધ સુવિધાઓ અને વ્યવસ્થાની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ત્યારબાદ છોટા ઉદેપુર-પાવી વચ્ચે આવેલા લેવલ ક્રોસિંગ ગેટ નંબર 44નું નિરીક્ષણ કરી સલામતી વ્યવસ્થાની ચકાસણી કરી હતી. તેમણે બોડેલી રેલવે સ્ટેશનની મુલાકાત દરમિયાન મુસાફરો માટે ઉપલબ્ધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત બોડેલી ખાતે આવેલી રેલવે કોલોનીની પણ મુલાકાત લઈને સંબંધિત વ્યવસ્થાઓની જાણકારી મેળવી હતી. નિરીક્ષણના અંતિમ તબક્કામાં મંડળ રેલવે મેનેજર ડભોઈ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. અહીં નેરોગેજ રેલવે લાઇન નેટવર્કની વિરાસતને ઉજાગર કરવા વિકસાવવામાં આવી રહેલા હેરિટેજ પાર્કની કામગીરીની સમીક્ષા કરી હતી. સાથે જ સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે ચાલી રહેલાં વિકાસકાર્યોની પ્રગતિ પણ તપાસી હતી. વિવિધ સ્થળોએ નિરીક્ષણ કર્યા બાદ તેમણે સંબંધિત અધિકારીઓને કામગીરીમાં જરૂરી સુધારા કરવા અને યાત્રી સુવિધાઓને વધુ સુદૃઢ બનાવવા સૂચનાઓ આપી હતી.

સુમનદીપ વિદ્યાપીઠ ખાતે ભવ્ય આયોજન

વડોદરામાં તા.૧૫ના રોજ ઉજવાશે ‘જનજાતીય ગૌરવ દિન’

ભગવાન શ્રી બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે જિલ્લા વહીવટી તંત્રની તૈયારીઓ જોરશોરથી શરૂ

(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

જનનાયક ભગવાન શ્રી બિરસા મુંડાની જન્મજયંતિને દેશભરમાં ‘જનજાતીય ગૌરવ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. આ જ ક્રમમાં, આગામી તા. ૧૫મી નવેમ્બરના રોજ વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વાઘોડિયા રોડ સ્થિત સુમનદીપ વિદ્યાપીઠ ખાતે એક ભવ્ય અને વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સુચારુ, વ્યવસ્થિત અને સફળ આયોજન માટે જિલ્લા તંત્ર દ્વારા અત્યારથી જ તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

આ કાર્યક્રમની પૂર્વતૈયારીઓ અને વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને એક વિશેષ બેઠક યોજાઈ હતી. બેઠકમાં કાર્યક્રમના આયોજન સાથે સીધી રીતે સંકળાયેલા વિવિધ સરકારી વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કલેક્ટરએ તમામ તૈયારીઓની ઝીણવટભરી સમીક્ષા કરી હતી અને વિવિધ વિભાગો વચ્ચે પરસ્પર સંકલન જાળવીને સોંપવામાં આવેલી જવાબદારીઓ સમયસર પૂર્ણ કરવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર બી. એસ. પટેલ અને આદિજાતિ વિકાસ અધિકારી ક્રિષ્ના નકુમ સહિતના અગ્રણી અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમના આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય જનનાયક ભગવાન શ્રી બિરસા મુંડાના આદર્શો, વિચારો અને તેમના મહાન બલિદાનને જન-જન સુધી પહોંચાડવાનો છે.

કાળી ચૌદશે મહાકાળી માતાજીને લીંબુના હાર અર્પણ કરાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરાના માંડવી વિસ્તારમાં શામળ બેચરની પોળ સ્થિત શ્રી મહાકાળી માતાજીના મંદિરે વર્ષોની પરંપરા મુજબ કાળી ચૌદશે લીંબુના હાર ચઢાવવામાં આવશે. આ વર્ષે સારા નક્ષત્રને કારણે સવારે 7:30થી રાત્રે 8:30 વાગ્યા સુધી હાર અર્પણ કરી શકાશે. માન્યતા મુજબ માતાજીને લીંબુના હાર અર્પણ કરવાથી નકારાત્મક શક્તિઓ અને અવરોધોથી રક્ષણ મળે છે. આ પ્રસંગે માતાજીને વિશેષ દક્ષિણ કાળી સ્વરૂપનો શણગાર કરવામાં આવશે.

વડોદરામાં દિવાળીના પર્વ નિમિત્તે સેવાકીય પહેલ

કમાટીબાગ ખાતે ૫૦૦ દીકરીઓ અને ૧૦૦ દિવ્યાંગોને નવા વસ્ત્રોની ભેટ

છેલ્લા ૧૭ વર્ષથી અવિરત સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવતા સામાજિક કાર્યકર નિશિતા રાજપૂતનો નવતર અભિગમ



(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

તહેવારોના પર્વ ટાણે વડોદરા શહેરમાં માનવતાની મહેંક ફેલાવતું એક પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. ‘બેટી બચાવો, બેટી પઢાવો’ અભિયાન અંતર્ગત છેલ્લા ૧૭ વર્ષથી નિષ્ઠાપૂર્વક કાર્યરત જાણીતા સામાજિક કાર્યકર નિશિતા રાજપૂત દ્વારા આ વર્ષે પણ દિવાળીના પર્વ નિમિત્તે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. શહેરના મધ્યમાં આવેલા ઐતિહાસિક કમાટીબાગ ગેટ નંબર-૨ ખાતે યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં અંદાજે ૫૦૦ જેટલી બાળાઓ અને ૧૦૦ જેટલા દિવ્યાંગ ભાઈ-બહેનોને તેમના મનપસંદ નવા વસ્ત્રો ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા.

સામાન્ય રીતે દાન કે ભેટ આપતી વખતે સંસ્થાઓ પોતાની પસંદગીની ચીજવસ્તુઓ આપતી હોય છે, પરંતુ આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે બાળકોને બજારમાંથી તેમની પોતાની મનપસંદ પસંદગીના નવા કપડાં ખરીદીને આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે નિશિતા રાજપૂતે જણાવ્યું હતું કે, જે રીતે માતા-પિતા પોતાના સંતાનોની પસંદગીનું ધ્યાન રાખીને ઉત્સવો ઉજવે છે, તે જ ભાવનાથી આ દીકરીઓ અને દિવ્યાંગોને તેમની મનપસંદ ભેટ આપીને તેમના ચહેરા પર ખુશી લાવવાનો અમારો પ્રયાસ છે.

આ સેવાકીય અને આનંદના અવસરે વડોદરા શહેરના મેયર ડૉ. ગીતાબેન મકવાણા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત તમામ બાળાઓને પ્રોત્સાહિત કરી ઉત્સાહ વધાર્યો હતો. મેયરની હાજરીમાં તમામ બાળકો સાથે મળીને કેક કાપવામાં આવી હતી અને દીકરીઓએ દિવાળીના પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

ગેસ પાઈપલાઈનથી દૂર રહી ફટાકડા ફોડવા VGLની અપીલ

સુરક્ષિત દિવાળી ઉજવો, ગેસ લાઇન સાથે કોઈપણ પ્રકારની છેડછાડ ન કરવા તાકીદ

કોઈપણ ગેસ લીકેજ કે કટોકટીની સ્થિતિ માટે ૨૪X૭ કંટ્રોલ રૂમ સતત કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

દિવાળી પર્વ નિમિત્તે વડોદરા ગેસ લિમિટેડ દ્વારા નાગરિકોની સલામતી માટે એક મહત્વપૂર્ણ જાહેર સૂચના જારી કરવામાં આવી છે. વડોદરા ગેસ લિમિટેડના માનવંતા ગેસ ગ્રાહકોને જણાવવામાં આવ્યું છે કે દિવાળી દરમિયાન ફટાકડા ફોડતી વખતે ગેસ પાઈપ લાઇનથી પૂરતા અંતરે ફોડવા તેમજ ગેસ લાઇન સાથે કોઈપણ પ્રકારની છેડછાડ કરવી નહીં. જો કોઈ પરિસ્થિતિમાં દિવાળી દરમિયાન ગેસ લીકેજની ફરિયાદ હોય, તો તાત્કાલિક વડોદરા ગેસ લિમિટેડના ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમમાં સંપર્ક કરવા વિનંતી છે. દિવાળીના દિવસોમાં કંટ્રોલ રૂમ રાબેતા મુજબ ચાલુ રહે છે અને VGL ની ટીમ તાત્કાલિક અસરથી હાજર રહી ફરિયાદનો નિકાલ કરી આપશે.

કોઈપણ દુર્ઘટના, અકસ્માત કે આગ લાગવાના બનાવો ટાળવા માટે નાગરિકોના સહકારની અપેક્ષા રાખવામાં આવી છે. વધારાની કોઈપણ પ્રકારની જાણકારી માટે અથવા કટોકટીની સ્થિતિમાં ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૦૪૮ તેમજ વૈકલ્પિક નંબરો ૦૨૬૫-૨૩૪૪૬૧૮, ૨૫૦૦૬૧૦, ૬૩૫૬૯૯૫૫૦૦ અને ૬૦૯૯૯૫૭૧૩૨ પર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત info@vgl.co.in ઈમેઈલ અથવા www.vgl.co.in વેબસાઈટ દ્વારા પણ માહિતી મેળવી શકાય છે. વડોદરા ગેસ લિમિટેડ પરિવાર તરફથી તમામ ગ્રાહકોને “શુભ દિપાવલી” પાઠવવામાં આવી છે.

MGVCLના CSR ફંડ અને NRI દાતાના સહયોગથી આરોગ્ય સુવિધાઓમાં વધારો

ગોત્રી હોસ્પિટલને ૫૦ લાખના ખર્ચે MRI કમ્પેટીબલ એનેસ્થેસિયા ટ્રોલીની ભેટ

ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ અને કોર્પોરેટર નિતિન ડોંગાની ઉપસ્થિતિમાં લોકાર્પણ સંપન્ન



(પ્રતિનિધિ) વડોદરા. તા.૫

વડોદરાની GMERS ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓને અદ્યતન તબીબી સુવિધાઓ પૂરી પાડવા વધુ બે નવીન સુવિધાઓ શરૂ કરવામાં આવી છે. હોસ્પિટલના રેડિયોલોજી વિભાગમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના CSR ફંડમાંથી અંદાજે રૂ.50 લાખના ખર્ચે તૈયાર કરાયેલી MRI કમ્પેટિબલ એનેસ્થેસિયા ટ્રોલીનું લોકાર્પણ અકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ સુવિધાથી ICUમાં સારવાર લઈ રહેલા ગંભીર દર્દીઓ, વેન્ટિલેટર પરના દર્દીઓ તેમજ નાના બાળકોનું MRI સ્કેનિંગ વધુ સુરક્ષિત રીતે થઈ શકશે. અગાઉ આવા દર્દીઓને સ્કેનિંગ માટે અન્યત્ર લઈ જવાની જરૂર પડતી હતી. હવે MRI રૂમમાં જ એનેસ્થેસિયા અને ઓક્સિજન સપોર્ટ સાથે સ્કેનિંગ શક્ય બનશે. જેથી દર્દીઓ અને તેમના પરિવારજનોને મોટી રાહત મળશે.

આ પ્રસંગે હોસ્પિટલના ફોરેન્સિક વિભાગમાં ઈકો-ફ્રેન્ડલી પહેલ અંતર્ગત સોલાર પેનલ અને વિન્ડ પાવર જનરેશન યુનિટનું પણ લોકાર્પણ કરાયું હતું. એક NRI દાતાના આર્થિક સહયોગથી તૈયાર કરાયેલા મોબાઈલ પોસ્ટમોર્ટમ યુનિટમાં સોલાર ઊર્જા, વિન્ડ પાવર અને બેટરી બેકઅપની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના કારણે વીજળીની અછત કે પાવર ફેલ્યોર દરમિયાન પણ પોસ્ટમોર્ટમની કામગીરી કરી શકાશે. દૂરના વિસ્તારોમાં પણ આ યુનિટ ઉપયોગી બનશે. લોકાર્પણ પ્રસંગે વોર્ડ નંબર 10ના કોર્પોરેટર નિતિન ડોંગા, હોસ્પિટલના તબીબો, વહીવટી અધિકારીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવી સુવિધાઓથી મધ્ય ગુજરાતના દર્દીઓને લાભ મળશે.

MSUનું ૨૦૨૭માં NAAC A+ ગ્રેડ મેળવવાનું લક્ષ્ય, ક્લાઈમેટ ચેન્જ માટે ૧૭ કરોડની ગ્રાંટ

દિવાળી સ્નેહમિલનમાં વાઇસ ચાન્સેલરે સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ રજૂ કરી : 15 હજારથી વધુ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે દિવાળીના પર્વ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વાઇસ ચાન્સેલર પ્રો. ડો. ભાલચંદ્ર ભણગે અને રજિસ્ટ્રાર પ્રોફેસર કે.એમ. ચુડાસમાની અધ્યક્ષતામાં યોજાયેલા કાર્યક્રમમાં યુનિવર્સિટીની સિદ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી.

વાઇસ ચાન્સેલર પ્રો.ભાલચંદ્ર ભાણગેએ જણાવ્યું હતું કે, વર્ષ 2027માં યુનિવર્સિટી NAAC મૂલ્યાંકન માટે તૈયારી કરી રહી છે. ગુજરાતની એકમાત્ર જાહેર ક્ષેત્રની યુનિવર્સિટી તરીકે એમ.એસ. યુનિવર્સિટીનું લક્ષ્ય A+ ગ્રેડ મેળવવાનું છે. A+ ગ્રેડ મળવાથી વધુ ગ્રાન્ટ અને સંશોધનની તકો ઊભી થશે. યુનિવર્સિટી દ્વારા અત્યાર સુધીમાં 15 હજારથી વધુ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ અપાવવામાં આવી છે. ગ્રીન કેમ્પસની દિશામાં સોલાર ઊર્જાના મહત્તમ ઉપયોગ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. ક્લાઈમેટ ચેન્જના ક્ષેત્રમાં ગુજરાત સરકાર તરફથી 17 કરોડ રૂપિયાની ગ્રાન્ટ પણ મળી છે.

इंडियन बैंक Indian Bank ALLAHABAD

ફતેહગંજ શાખા: દુકાન નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, એસ્ટોરિયા બિલ્ડિંગ, ૭ સીઝ મોલની બાજુમાં, ફતેહગંજ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૨

લોકરનું ભાડું નહીં ભરનારને લોકર તોડતા પહેલાની અંતિમ નોટીસ

જો આ જાહેરાતની તારીખથી ૧૫ દિવસની અંદર ભાડું ચૂકવવામાં નહીં આવે, તો શાખાની અનુકૂળતા મુજબ સંબંધિત લોકર તોડીને ખોલવામાં આવશે. લોકરમાંથી મળી આવતી કોઈપણ વસ્તુઓનું વેચાણ બેંકની પ્રવર્તમાન માર્ગદર્શિકા મુજબ જાહેર હરાજી દ્વારા કરવામાં આવશે. વેચાણમાંથી મળેલી રકમનો ઉપયોગ ખર્ચ અને બાકી ભાડાની ચુકવણી માટે કરવામાં આવશે અને બાકી રહેતી વધારાની રકમ ગ્રાહકને ચૂકવવામાં આવશે.

Sr.No.	Physical Locker Number	CBS Locker Number	Name of Customer
1.	68	9910150231	Mrs. Patel Smita

તારીખ: ૦૬/૧૧/૨૦૨૬ અધિકૃત અધિકારી, ઈંડીયન બેંક.

ઓન લાઇન ટેન્ડરીંગ

જાહેર નિવિદા નં.૨૫, સને.૨૦૨૬-૨૭

પંચમહાલ જિલ્લા પંચાયત માક્રમ વિભાગ, ગોધરા.

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (માક્રમ) વિભાગ, જિલ્લા પંચાયત, પંચમહાલ-ગોધરા, ફોન નં. ૦૨૬૭૨-૨૫૩૩૮૪ દ્વારા ઓનલાઈન ઈ-ટેન્ડર માન્ય ઈજારદારશ્રીઓ પાસે થી બિલ્ડીંગના કુલ-૧૩ કામ જેની અંદાજી રકમ રૂા.૧૨.૯૮ લાખ થી રૂા.૪૬.૭૨ લાખ સુધી ની કિંમત માટે ના ઈ-ટેન્ડરો માંગવામાં આવે છે. ટેન્ડર ના દસ્તાવેજો http:/tender.nprocure.com વેબસાઈટ અને ટેન્ડર નોટીસ માહિતી નિયામકશ્રીની www.statetendersgujarat.gov.in ઉપર જોવા મળશે. ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ની વેબ સાઈટ ઉપર ટેન્ડર ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

મુળભુત ટેન્ડર દસ્તાવેજ રજા સિવાયના દિવસોમાં કચેરી સમય દરમિયાન જોવા મળશે.

ઈ-ટેન્ડરીંગ અંગેનું સમયપત્રક નીચે મુજબ છે.

ઓન લાઈન સબ મીશન ની છેલ્લી તારીખ.	તા.૨૩/૧૧/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી.
ટેન્ડર ઓપનીંગ (ઓનલાઈન)	તા.૨૪/૧૧/૨૦૨૬ સમય ૧૨.૦૦ કલાક

કાર્યપાલક ઈજનેર
પંચાયત (માક્રમ) વિભાગ
ગોધરા.

(માહિતી/ગોધરા/૬૧૧/૨૬)

Dakshin Gujarat Vij Company Limited

DGVCL

CIN U40102GJ2003SGC042909

Regd. & Corp. Office : ‘Urja Sadan’,
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for “ Supply and installation of various medical equipment at various location of Government Veterinary Clinics of Surat District under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of old civil Hospital, Surat under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of New Civil hospital, Surat (Group A) under DGVCL CSR Initiative 2026-27 and Supply and installation of various medical equipment at various location of New Civil hospital, Surat (Group B) under DGVCL CSR Initiative 2026-27”. Tenders are put up on www.dgvcl.com (For view & download) and http://tender.nprocure.com (For view, download and online submission).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Corp/Civil/CSR 2026-27/Medical Equipment/ 322	Rs.12,00,000.00 (Including GST)
2	DGVCL/Corp/Civil/CSR 2026-27/Medical Equipment/ 323	Rs.11,00,000.00 (Including GST)
3	DGVCL/Corp/Civil/CSR 2026-27/ Medical Equipment/324	Rs.1,67,00,000.00 (Including GST)
4	DGVCL/Corp/Civil/CSR 2026-27/ Medical Equipment/325	Rs.47,00,000.00 (Including GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tenders. ACE (P), DGVCL, Surat.

ગોધરા નગરપાલિકા

ઓનલાઇન ટેન્ડર નિવિદા-૧૧ સને-૨૦૨૬-૨૭

ત્રીજો પ્રયત્ન

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાક્ટર વિ. ને ગોધરા શહેરમાં વિવિધ વિકાસ ના કામો માટે સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી આઈકોનિક રોડ ના અંદાજીત રકમ રૂ.૪૯૯.૩૪ લાખ ના કુલ ૦૧ કામ માટે ના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૨૧/૧૧/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાક્ટરે ટેકનિકલ બીડ તા.૨૬/૧૧/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે.

તા.૦૪/૧૧/૨૦૨૬

(એસ.પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા — (જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા

(માહિતી/ગોધરા/૬૦૪/૨૬)

માંજલપુરની સૂચિત સોસાયટીઓના પ્રશ્નો માટે વિશેષ કેમ્પ યોજાયો



ધારાસભ્ય સતીશ પટેલે મુલાકાત લઈ અરજદારો સાથે સંવાદ કર્યો, ઝડપી નિકાલની સૂચના આપી

(પ્રતિનિધિ) વડોદરા ત.5

વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલી સૂચિત સોસાયટીઓના રહીશોના મિલકત સંબંધિત પ્રશ્નો અને દરખાસ્તોના ઝડપી નિકાલ માટે મામલતદાર કચેરી ખાતે બે દિવસીય વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ 5 અને 6 નવેમ્બર દરમિયાન યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં નાગરિકો પોતાની રજૂઆતો સાથે પહોંચ્યા હતા.

કેમ્પની વ્યવસ્થા અને કામગીરીની સમીક્ષા કરવા જિલ્લા કલેક્ટર તથા માંજલપુરના ધારાસભ્ય સતીશ પટેલે સ્થળ મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે અરજદારો સાથે સીધો સંવાદ કરી તેમની સમસ્યાઓ જાણી હતી અને અરજીઓની પ્રક્રિયામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે અધિકારીઓને સૂચનાઓ આપી હતી. કલેક્ટર અને ધારાસભ્યએ કામગીરીમાં જોડાયેલા વહીવટી અધિકારીઓ તથા કર્મચારીઓને અરજીઓનો ઝડપી અને પારદર્શક રીતે નિકાલ કરવા માર્ગદર્શન આપ્યું હતું.

દિવાળી-નૂતન વર્ષમાં સયાજી હોસ્પિટલ એલર્ટ મોડ પર, ઈમરજન્સી સેવાઓ ૨૪ કલાક ચાલુ

ફટાકડાથી દાઝવાના અને અકસ્માતના કેસો માટે તબીબો-સર્જનોની ખાસ ડ્યૂટી

બેસતા વર્ષના દિવસે OPD બંધ, ભાઈબીજે અડધા દિવસ માટે ચાલુ રહેશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા સહિત મધ્ય ગુજરાતના નાગરિકોને દિવાળી અને નૂતન વર્ષના તહેવારો દરમિયાન સમયસર સારવાર મળી રહે તે માટે સયાજી હોસ્પિટલને એલર્ટ મોડ પર મૂકવામાં આવી છે. તહેવારોની રજાઓમાં ખાનગી હોસ્પિટલો બંધ રહેતી હોવાથી સરકારી હોસ્પિટલમાં દર્દીઓનું ભારણ વધવાની શક્યતાને ધ્યાનમાં રાખીને આગોતરી તૈયારીઓ કરાઈ છે.

ફટાકડા ફોડતી વખતે દાઝી જવાના બનાવો તેમજ અકસ્માત અને અન્ય ઈમરજન્સી કેસોને પહોંચી વળવા હોસ્પિટલનો તાત્કાલિક સારવાર વિભાગ 24 કલાક કાર્યરત રહેશે. આ માટે સિનિયર સર્જન, એનેસ્થેટિસ્ટ સહિત તબીબી અને પેરામેડિકલ સ્ટાફને ખાસ ડ્યૂટી સોંપવામાં આવી છે. ઈમરજન્સી સર્જરી માટે ઓપરેશન થિયેટર પણ રાઉન્ડ ધ ક્લોક ચાલુ રહેશે.

સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડો. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, બેસતા વર્ષના દિવસે OPD સેવાઓ સંપૂર્ણ બંધ રહેશે, જ્યારે ભાઈબીજના દિવસે અડધા દિવસ માટે OPD ચાલુ રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડોદરા ઉપરાંત આસપાસના જિલ્લાઓ અને પડોશી રાજ્યોની સરહદેથી પણ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવે છે. તહેવારોમાં દર્દીઓને અગવડ ન પડે તે માટે પૂરતો સ્ટાફ અને ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ રાખવામાં આવી છે.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.જાહેર નિવિદા નં.૦૫ સને ૨૦૨૬-૨૭

આઈ.ડી.નં.૩૬૩૦૧૩

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય યાંત્રિક વિભાગ, ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડ, જલ ભવન, બીજો માળ, જુની આર.ટી.ઓ.પાસે, સિવિલ લાઈન રોડ, ગોધરા જી.પંચમહાલ દ્વારા યોગ્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારો પાસેથી પંચમહાલ જિલ્લાના પાનમ ડેમના ઉપરવાસમાં ફ્લોટીંગ પોન્ટુન/જેટી બનાવી તેની ઉપર જરૂરી પંપીંગ મશિનરી તથા ઈલેક્ટ્રો-મિકેનિકલ એસેસરીઝ બેસાડી, પાણી લિફ્ટ કરી અને સિવિલ વિભાગની રાઈઝીંગ પાઈપ સાથે જોડાણ કરવાની કામગીરી ૧ વર્ષ મરામત અને નિભાવણી સાથેની કામગીરીની કુલ અંદાજીત રકમ રૂા. ૯૯.૭૬ લાખ માટે ઈ-ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. ટેન્ડર ડાઉનલોડ અપલોડ કરવાની છેલ્લી તારીખ: ૨૧.૧૧.૨૦૨૬ ૧૮.૦૦ કલાક રહેશે. વધુ વિગતો કચેરીના ચાલુ દિવસો દરમ્યાન તથા નોટીસ બોર્ડ ઉપર થી મળશે. હવે પછીના સુધારા/વધારા માટે તેમજ વધુ વિગતો માટે વેબસાઈટ www.Tender.nprocure.comઉપર જોવી.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડના હેલ્પલાઈન નં.૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.

(માહિતી/ગોધરા/૬૧૦/૨૬)

ગોધરા નગરપાલિકા

ઓનલાઇન ટેન્ડર નિવિદા-૧૨ સને-૨૦૨૬-૨૭

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાક્ટર વિ. ને ગોધરા શહેરમાં વિવિધ વિકાસ ના કામો માટે ગોધરા નગરપાલિકાના આયોજન વિભાગ અને પાણી પુરવઠા વિભાગ માં સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી વિકાસલક્ષી કામો માટે બીજા પ્રયત્ને અંદાજીત રકમ રૂ. ૪૮.૦૦ લાખ થી રૂ.૧.૬૦ લાખના કુલ ૦૬ પેકેજ ના કામો માટે તેમજ પાણી પુરવઠા વિભાગ માં મટીરીયલ્સ ખરીદવા, મટીરીયલ્સ સાથે લેબર વર્ક, પમ્પ હાઉસ અને GSR તોડવાના કામ, અને JCB AGRIMAX સાધન ખરીદવાના કામ માટે ઓનલાઇન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઇન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૨૧/૧૧/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાક્ટરે ટેકનિકલ બીડ તા.૨૬/૧૧/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ બાતલ કરવાનો હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે.

તા.૦૪/૧૧/૨૦૨૬

(એસ.પી. પટેલ) મુખ્ય અધિકારી નગરપાલિકા ગોધરા — (જશોદાબેન પ્રજાપતિ) પ્રમુખ નગરપાલિકા ગોધરા

(માહિતી/ગોધરા/૬૦૫/૨૬)